Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# સિનેમાનો તાત્વિક નિષ્કર્ષ : સિનેમા વિમર્શ

**ડૉ. મહેશકુમાર મકવાણા**
મદદનીશ પ્રાધ્યાપક,ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ,ગાંધીનગર.

દુનિયાને નવી દૃષ્ટિ અને નવી રીતે જોવાની સમજ સાહિત્ય દ્વારા તો કેળવાઈ જ છે પણ બહુ પાછળથી જન્મેલી એવી સીનેમાકલા માટે આ વાત વધારે પ્રસ્તુત છે. કારણ કે સિનેમા એકસાથે બધી જ કળાઓને પોતાનામાં રૂપાંતરિત કરે છે. આપણી સમક્ષ નવી કસોટીઓ પ્રસ્તુત કરે છે. આ કસોટીઓને જાણવા, સમજવા અને તેને ઉકેલીને તેમાંથી પસાર થવા સિનેમાતત્ત્વને જાણવું જરૂરી બની રહે. ગુજરાતી ભાષામાં ફિલ્મોને લઈને તો ઘણું લખાયું છે પરંતુ, સિનેમાના મૂળ તત્ત્વ વિશેના લખાણો મળવા દુર્લભ છે.

વિશ્વકક્ષાની ફિલ્મોના અભ્યાસુ, સંશોધક અને સંગ્રહક એવા શ્રી અમૃત ગંગરે પોતાના 'સિનેમાવિમર્શ' દ્વારા આ દુર્લભ જણાતી પરિસ્થિતિને સુલભ બનાવી આપી છે. સિનેમાક્ષેત્ર અને સિનેમાકલા સાથે સંકળાયેલા ઘટકોની, સિદ્ધાંતોની ચર્ચા કરતા ૧૫ લેખો અહીં ગ્રંથસ્થ થયા છે. ગાંઠના પૈસા વાપરીને ફિલ્મ જોવા જતી પ્રજા સિનેમાના વિવિધ સિદ્ધાંતો કે ઘટકો વિશેનું જ્ઞાન ધરાવતી ના હોય તે બાબત ક્ષમ્ય છે. પણ આપના અભ્યાસુઓ કે વિદ્યાશાખાઓની તો આ ક્ષેત્ર વિશે વિચારણા કરવાની ગંભીર જવાબદારી બની રહે છે. આટલા વિશાળ ફલક પર વિસ્તરેલી અને ઝડપી ગતિથી આગળ વધેલી સિનેમાકલા વિષે આપણે ત્યાં કઈ ખાસ સંશોધન થયું જ નથી. અમૃત ગંગર નોંધે છે – "વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં સાહિત્યનો આલોચનાત્મક અને તુલનાત્મક અભ્યાસ થાય છે પણ સિનેમા એ રીતે સ્પર્શાયું નથી." (પૃ. ૩) અહીં સિનેમાને સૌન્દર્યશાસ્ત્રની ઢબે તપાસાયું છે. તેના આસ્વાદ માટેની વિવિધ કૂંચીઓ આપવામાં આવી છે. ફિલ્મ બાંધણીના ઘટકો અને અઘરા લાગતાં શબ્દોની સમજ આપણી સિનેમા વિશેની બંધિયાર માન્યતાઓ તોડીને ખુલ્લો અવકાશ આપે છે.

ફક્ત અભિનય કે ગીત-સંગીતની વાતો કરીને આપણે ફિલ્મ ચર્ચાને આટોપી લઈએ છીએ. જ્યારે વિશ્વસિનેમા તરફ દૃષ્ટિ કેળવીએ તો સિનેમાને લઈને ઘણુબધું વિચારી શકાય, અનેક શક્યતાને એમાં સ્થાન છે તેવું પ્રતીત થાય. ગોદાર, ગિલ દેલ્યૂઝ, આન્દ્રે તાર્કોવસ્કી જેવા ફિલ્મ સિદ્ધાંતકારો તો સમય, અવકાશ, ફિલસૂફી જેવા અનેક નવા દ્રષ્ટિકોણથી ફિલ્મકલાને મૂલવે છે. અમૃત ગંગરે અહીં આ પ્રતિનિધિ ફિલ્મ સિદ્ધાંતકારોની સિનેમા સૂઝને આપણી સમક્ષ ખૂબ વ્યવસ્થિત રીતે ઉઘાડી આપી છે. તો ઝોન્ર વિશેની પણ અહીં વાત માંડવામાં આવી છે. ઝોન્ર એ ફિલ્મકલાનો એક પ્રકાર છે. જે પ્રથમથી જ વિવાદિત સ્વરે ગવાતો-વગોવાતો આવ્યો છે. "ઝોન્ર શબ્દ હજી ઘણો ચલણી છે પણ તેનું સંરચનાવાદી ગાંભીર્ય હવે નથી રહ્યું." (પૃ.૬૧) જેવા વિધાનોમાં લેખકની જાગૃત સમિક્ષક દૃષ્ટિ દેખાય છે. વળી

સેન્સરશીપ વિશેની પણ ઐતિહાસિક દૃષ્ટિની અહીં ચર્ચા થઇ છે.

આપણે ત્યાં એનિમેશન ફિલ્મ એટલે ફક્ત બાળકો માટેની ફિલ્મો એવી માન્યતા ઘર કરી ગઈ છે. લેખક અહીં આ માન્યતાને હટાવીને એનિમેશન ફિલ્મ તરફ ગાંભીર્યપૂર્ણ અંગુલીનિર્દેશ કરે છે. તો નારીવાદી સિનેમા, ફિલ્મ સમીક્ષા અને તેના જુદા-જુદા અવકાશો પણ ચીંધી બતાવાયા છે.

અમૃત ગંગરે ફિલ્મ અને ફિલસૂફી આ બે શબ્દોને જોડીને 'ફીલ્મોસૂફી' જેવો તદ્દન નવો જ શબ્દ રચ્યો છે. તેઓ લખે છે- "છેલ્લા થોડાં વર્ષોથી મારો યત્ન રહ્યો છે ભારતીય (વૈદિક અને બિનવૈદિક) ફિલસૂફીઓના સમય અને અવકાશ (TIME AND SPACE) ના સિદ્ધાંતો કલ્પનોને ફિલ્મ થીયરીમાં મેળવીને, INTEGRATE કરીને એક નવા પ્રકારની ફિલ્મ થિયરીનો વિકાસ કરવો." (પૃ.૧૨૧) એમ કહીને ફિલ્મોસોફર થિયો એન્જલોપૈલુસની ફિલ્મ ફિલસૂફી સાથે પોતાનો અંગત મત પુષ્ટ કરે છે. હંગેરિયન ફિલ્મ સિદ્ધાંતકાર બેલા ટારની સિનેમેટોગ્રાફી વિશે તો ખૂબ ઝીણવટથી કાંતવામાં આવ્યું છે. "તેમની નોંધપાત્ર ફિલ્મકૃતિ ગણાતી 'વેર્કમાઈસ્ટર હાર્મોનિક્સ' નું પહેલું દૃશ્ય કોઈપણ કાપ વિનાનું દસ મિનિટ વીસ સેકન્ડસ્ સતત ચાલે છે." (પૃ.૧૩૦) જેવા સૂક્ષ્મ ઓબ્ઝર્વેશન દ્વારા અમૃત ગંગરે સિનેમા અધ્યયનની ઝીણવટ, તટસ્થતા અને શ્રમભરી સજ્જતા દાખવી છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતીય સિનેમાએ ઘણા વળ-વળાંકો જોયા છે. એવરેજ કક્ષાની ફિલ્મો અને ફિલ્મ સર્જકોની સાથે સાથે અવ્વલ કક્ષાની ફિલ્મ અને ફિલ્મકારો પણ આપણને મળ્યા છે. આ સાથે સિનેમામાં નવા જુવાળ તરીકે આવેલી ફિલ્મો જેવી કે, 'પાથેરપાંચાલી', 'અપરાજિતા', 'અપૂર સંસાર', 'નાગરિક' જેવી બંગાળી તો 'ભુવનશોમ', 'ઉસકી રોટી', 'સારા આકાશ', 'અંકુર', 'ગર્મ હવા' જેવી ફિલ્મો આગવી શૈલીથી ચર્ચા થઇ છે. આ ફિલ્મો હાલની ફિલ્મોમાં નહિવત એવા માનવીના અભાવોને કેન્દ્રમાં રાખીને સર્જવામાં આવતી, તે માનવમનનાં આંતરમનને સ્પર્શવાની સાથે સાથે સિનેમાની નવી વ્યાખ્યાઓ આપવામાં સફળ રહી. દેશ-વિદેશના ફિલ્મ સિદ્ધાંતકારોની સિનેમેટોગ્રાફી પરત્વેની સમજ સાથે અમૃત ગંગર પોતાની કલ્પનાની સિનેમેટોગ્રાફી અંગેની મથામણ રજૂ કરે છે, જે આવકાર્ય છે. શ્રદ્ધા એ માનવજીવન સાથે વણાયેલું એક મુખ્ય પાંસુ છે. ફિલ્મોમાં આ શ્રદ્ધાના વિવિધ સ્વરૂપો શી રીતે અંકિત થયા છે? સત્ય, સમૂહ, સ્વ, જીવન, ઈશ્વર, મૈત્રી, માનવમૂલ્યો,વગેરેને કેન્દ્રમાં રાખીને શ્રદ્ધાની વિવિધરંગી શ્રુંખલાને વિશિષ્ટ રીતે વણી લેવાય છે.

'સિનેમાવિમર્શ' માં ગ્રંથસ્થ મોટાભાગના લેખો ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત સામયિકોમાં જે તે સમયે સ્થાન પામ્યા છે. જેથી આ શ્રદ્ધેય હોવાનો પૂરાવો મળી રહે છે. પાને પાને સિનેમાના સિદ્ધાંત સાથે બંધબેસતા ફોટોગ્રાફ્સ સહિતના ફિલ્મ દ્રષ્ટાંતો અને પુસ્તકના અંતે ફિલ્મનામસૂચિ, વ્યક્તિનામસૂચિ 'સિનેમાવિમર્શ' નું જમા પાસું છે. ખાસ તો ગુજરાતી ભાષામાં આ ગ્રંથ આવ્યો તેનો આનંદ છે. ગુજરાતી વિદ્યાર્થીઓ, સંશોધકો, અધ્યાપકો અને ભાવકો માટે આ ગ્રંથ એટલે સિનેમાને

લઈને ખેડાયેલો નવો પંથ જ જાણે. પુસ્તકમાંથી પસાર થતા સિનેમાનો કોઈ વર્કશોપ કર્યો હોઈ તેવી અનુભૂતિ થઇ આવે. 'સિનેમાવિમર્શ' એ ગુજરાતી ભાષામાં સિનેમાનું સૌન્દર્યશાસ્ત્ર બની રહેશે. અમૃત ગંગર સાથે ખેડેલી સિનેમાયાત્રાનો વિશિષ્ટ અને વિરલ અનુભવ એટલે 'સિનેમાવિમર્શ'. ગુજરાતી ભાષામાં સિનેમાકલાના આવા અદભૂત પ્રકાશન થતા રહે અને આ યાત્રા અવિરત શરૂ જ રહે તેવા વિચાર સાથે......